વડોદરામાં 'રફતાર' અને 'દબાણ'ના જીવલેણ ગઠજોડથી લોહીલુહાણ રસ્તા

ડેરી ડેન સર્કલ પાસે કાર ચાની લારીમાં ઘૂસી, ૩ને ઈજા

પાલિકાની દબાણ શાખાની 'હપ્તાખોરી' અને ટ્રાફિક પોલીસની 'આંખ આડા કાન' કરવાની નીતિએ નિર્દોષોને હોસ્પિટલ ભેગા કર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.31

વડોદરા શહેરમાં વહીવટી તંત્રની મીલીભગત અને ભ્રષ્ટાચારના કારણે નિર્દોષ નાગરિકોનો જીવ જોખમમાં મુકાયો છે. સોમવારે મોડી રાત્રે ડેરી ડેન સર્કલ પાસે એક કાર બેકાબૂ બની ચાની લારીને અડફેટે લેતા 3 લોકો લોહીલુહાણ થયા હતા. આ ઘટનાએ માત્ર અકસ્માત નથી, પરંતુ વડોદરા મહાનગરપાલિકા અને પોલીસ તંત્રની નિષ્ફળતાનો પુરાવો છે. ડેરી ડેન સર્કલની આસપાસ ખાણી-પીણીની લારીઓ અને પથારાવાળાઓએ ખડકેલા દબાણોને કારણે મુખ્ય માર્ગ અત્યંત સાંકડો બની ગયો છે. લોકોનો ગંભીર આક્ષેપ છે કે, પાલિકાની દબાણ શાખા દ્વારા કોઈ કાર્યવાહી ન કરવાનું મુખ્ય કારણ 'હપ્તા પદ્ધતિ' છે. દબાણ શાખાના કર્મચારીઓની ઢીલી કામગીરી' અને લારી-ગલ્લા ધારકો પાસેથી ઉઘરાવાતા કથિત હપ્તાઓને કારણે આ દબાણકર્તાઓ બેફામ બન્યા છે. વારંવાર રજૂઆતો છતાં તંત્ર દબાણો હટાવવાને બદલે મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે. એક તરફ ટ્રાફિક પોલીસ સામાન્ય જનતા પાસે હેલ્મેટ અને પીયુસીના નામે દંડ વસૂલે છે, ત્યારે બીજી તરફ રોડ પર જમાવટ કરી બેઠેલા આ દબાણકર્તાઓ અને પથારાવાળાઓ સામે કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવતી નથી. ચાની લારીઓ પર ગેરકાયદેસર રીતે થતા પાર્કિંગ અને ભીડને કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે, તેમ છતાં પોલીસ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે, જે સ્પષ્ટપણે ભ્રષ્ટાચાર તરફ આંગળી ચીંધે છે. સોમવારે મોડી રાત્રે બેકાબૂ બનેલી કાર સીધી ચાની લારીમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માત

ડેરી ડેન સર્કલ પર ગાડીઓનો ખડકલો

બાદ સ્થળ પર એકત્ર થયેલા લોકોએ તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે જો રસ્તા પરથી દબાણો દૂર કરવામાં આવ્યા હોત, તો કદાચ કાર ચાલકને બચવાની જગ્યા મળી હોત અને આ અકસ્માત આટલો ગંભીર ન સર્જાયો હોત. વડોદરાની જનતા હવે સવાલ કરી રહી છે કે, શું દબાણ શાખા અને પોલીસ તંત્ર હજુ પણ કોઈ મોટા નર સંહારની રાહ જોઈ રહ્યું છે? શું હપ્તાની લાલચમાં નિર્દોષ નાગરિકોના જીવ

ભૂલથી મારાથી બ્રેક ના બદલે એક્સીલેટર પર પગ મુકાઈ ગયો

સમગ્ર ઘટના બાદ કાર ચાલકે જણાવ્યું હતું કે મને કાર ચલાવતાં આવડતું નથી. મેં ક્યારે કાર ચલાવી પણ નથી. હું મારો ભાઈ અને અન્ય બે મિત્રો સાથે અમે વાસણા ભાયલી રોડ ઘરે થી જમવા માટે નીકળ્યા હતા. જમ્યા બાદ અમે 11:30 વાગ્યાની આસપાસ ડેરી ડેન સર્કલ પાસે ચા પીવા માટે આવ્યા હતા. ત્યારે મને ફોન આવ્યો અને હું વાત કરવા માટે ગાડીમાં બેઠો. ત્યારે ગાડીમાં એસી (AC) ચાલું કરવા માટે ગાડી ચાલુ કરી અને ભૂલથી મારાથી બ્રેક ના બદલે એક્સીલેટર પર પગ મુકાઈ ગયો હતો. સમગ્ર ઘટના મામલે હું તમામની માફી માંગુ છું.

ગોત્રી GMERS હોસ્પિટલ, દર્દીઓ માટે 'જીવનદાતા' કે 'મોતનો કૂવો'?

GMERS હોસ્પિ.માં લિફ્ટ ખોટકાતા આઠ લોકો અડધો કલાક સુધી ફસાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.31

વડોદરાની ગોત્રી GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. લાખો રૂપિયાના બજેટ અને સરકારી ગ્રાન્ટો વચ્ચે પણ હોસ્પિટલનું તંત્ર પાયાની સુવિધાઓ જાળવવામાં નિષ્ફળ નીવડ્યું છે. ગત રોજ હોસ્પિટલની લિફ્ટમાં મેઈન્ટેનન્સના અભાવે સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે 8 નિર્દોષ લોકો અડધો કલાક સુધી મોતના સાયલેન્ટ ઝોનમાં કેદ રહ્યા હતા. ગૂંગળામણ અને અંધારપટ વચ્ચે ફસાયેલા લોકોની ચીસાચીસથી હોસ્પિટલના કોરિડોર ગુંજી ઉઠ્યા હતા. બપોરના સમયે જ્યારે દર્દીઓના સગા અને સ્ટાફ લિફ્ટનો ઉપયોગ કરી રહ્યા હતા, ત્યારે અચાનક બીજા અને ત્રીજા માળની વચ્ચે લિફ્ટ અટકી પડી હતી. લિફ્ટમાં ક્ષમતા કરતા વધુ વજન ન હોવા છતાં, માત્ર ખરાબ વાયરિંગ અને વર્ષો જૂની મશીનરીને કારણે સેન્સર ફેલ થઈ ગયા હતા. લિફ્ટ અટકતાની સાથે જ ફેન અને લાઈટિંગ બંધ થઈ ગયા. અંદર રહેલા ૮ લોકો માટે ઓક્સિજનની કમી સર્જાવા લાગી. જ્યારે હોસ્પિટલના એન્જિનિયરો કે લિફ્ટ ઓપરેટરોનો પત્તો નહોતો, ત્યારે ફરજ પરના સિક્યુરિટી ગાર્ડે પોતાની સૂઝબૂઝ વાપરી હતી. જીવના

જોખમે લિફ્ટના દરવાજાને મેન્યુઅલી ઓપરેટ કરી, ગેપ બનાવીને એક પછી એક ૮ લોકોને હેમખેમ બહાર કાઢ્યા હતા. જો ગાર્ડે વિલંબ કર્યો હોત, તો ગૂંગળામણને કારણે મોટી હોનારત સર્જાઈ શકી હોત. ગોત્રી હોસ્પિટલની આ ઘટના વડોદરાના આરોગ્ય તંત્ર માટે લાલબત્તી સમાન છે. જો હજુ પણ જાગૃત થઈને ટેકનિકલ સુવિધાઓ સુધારવામાં નહીં આવે, તો આવનારા સમયમાં કોઈ મોટી દુર્ઘટનાને રોકવી અશક્ય બની જશે. જનતા હવે 'તપાસ' નહીં, 'પરિણામ' અને 'સુરક્ષા' માંગી રહી છે.

મહિલા ઠપકો આપવા જતા લબર મુછીયાએ ગાળો ભાંડી

નવાપુરામાં પરિણીતાની મુસ્લિમ યુવક દ્વારા છેડછાડ

સલીમ રાઠોડે મહિલાને જોઈ બીભત્સ ઈશારા ઉપરાંત અડપલાં કર્યાનો આક્ષેપ

મહિલાની નણંદ, ઓળખીતાઓ આવી જતાં યુવક ફરાર થઇ ગયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં રહેતી એક પરિણીતાની મુસ્લિમ યુવક દ્વારા શારીરિક છેડછાડ કરવામાં આવી હતી. અશ્લીલ ઈશારા કરી શારીરિક અડપલા કરનાર શખ્સ સામે મહિલાએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નવાપુરા વિસ્તારમાં રહેતી 35 વર્ષીય પરિણીત મહિલા 30 માર્ચના રોજ બપોરના સમયે પોતાના કાકીના ઘરે જઈ રહી હતી. તે દરમિયાન શિયાબાગ વિસ્તારમાં નારાયણ કોમ્પલેક્ષ પાસે પહોંચતા એક યુવક મહિલાની નજીક આવ્યો હતો. આરોપી સલીમ ઈબ્રાહીમ રાઠોડે મહિલાને જોઈ અશ્લીલ ઈશારા કર્યા અને શારીરિક અડપલા કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઘટનાથી ગભરાયેલી મહિલાએ આરોપીને ઠપકો આપતાં તેણે મહિલાને ગંદી ગાળો બોલી ધમકી આપી હતી. આ દરમિયાન મહિલાની નણંદ અને અન્ય ઓળખીતાઓ ત્યાં આવી જતા આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ મહિલાએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા રેલવે ડિવિઝને 81.63 કરોડની આવક મેળવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનએ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 81.63 કરોડની સૌથી વધુ પરચુરણ (વિવિધ) આવક મેળવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ સિદ્ધિ ગયા વર્ષના સમાન સમયગાળા કરતા 45 ટકા વધુ છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર, પરચુરણ આવકમાં મુખ્ય પરિવહન સેવાઓ ઉપરાંતના આવક સ્ત્રોતોનો સમાવેશ થાય છે. વડોદરા ડિવિઝનનું આ ઉત્તમ પ્રદર્શન ભાડા સિવાયના આવકમાં વધારો, સંપત્તિનો વધુ સારો ઉપયોગ અને વૈકલ્પિક આવક સ્ત્રોતોને મજબૂત કરવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. આ આવકમાં મુખ્ય ફાળો આપનારાઓમાં વે-લીવ ચાર્જ, જાહેરાત, પાર્કિંગ, કેટરિંગ અને સાઈડિંગ સંબંધિત આવકનો સમાવેશ થાય છે.

200 થી વધુ કર્મચારીઓએ કંપની મેનેજમેન્ટ સામે બાંયો ચઢાવી

ટેકનો ઈલેક્ટ્રોમેક પ્રાઈવેટ લિમિટેડ કંપની બંધ થવાના એંધાણ,કામદારોનો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરા શહેરના ફર્ટિલાઇઝર નગરમાં આવેલી ટેકનો ઈલેક્ટ્રોમેક પ્રાઈવેટ લિમિટેડ કંપની બંધ થવાના એંધાણ વર્તાતા 200થી વધુ કર્મચારીઓએ કંપની ખાતે પહોંચી વિરોધ દર્શાવ્યો હતો સાથેજ પગાર વધારો, બોનસ અને શોષણ કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપ સાથે ધરણા પ્રદર્શન કર્યું હતું.

વડોદરાના છેવાડે આવેલી કંપનીને અન્યત્ર સ્થળાંતર કરવાની ચાલી રહેલી હિલચાલ સામે કર્મચારીઓએ કંપની ખાતે હલ્લો મચાવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેર નજીક ફર્ટિલાઇઝર નગરમાં ટેકનો ઈલેક્ટ્રોમેક પ્રાઈવેટ લિમિટેડ કંપની આવેલી છે. અહીં કામ કરતા 200 થી વધારે કર્મચારીઓને બેરોજગાર થવાનો ભય સતાવી રહ્યો છે. છેલ્લા કેટલાક

દિવસોથી કંપનીમાંથી મશીનરી ખાલી કરવામાં આવી રહી હોય જેના કારણે કર્મચારીઓમાં આ કંપની અહીંથી બંધ કરી અન્યત્ર સ્થળાંતર કરવાની હિલચાલ થતા આજે કર્મચારીઓએ એકત્ર થઈને કંપની ખાતે પહોંચી ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો.

કર્મચારીઓએ મેનેજમેન્ટ સાથે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી પગાર વધારો થતો નથી. 415 રૂપિયા રોજ આપવામાં આવે છે, આઠ કલાક કામની જગ્યા પર બાર બાર કલાક કામ કરવામાં આવી રહ્યું છે મશીનરીનું શિફ્ટિંગ કરવામાં આવતા ઉપલા અધિકારીઓ સાથે વાત કરતા સરખો જવાબ આપવામાં આવતો નથી અને કોન્ટ્રાક્ટર દ્વારા પણ શોષણ કરવામાં આવી રહ્યું છે. જો કંપની બંધ કરવાની હોય તો અમને લેખિતમાં આપો અને જો ના બંધ થવાની હોય તો પગાર વધારો કરી રોજગારી આપો કંપનીના મેનેજમેન્ટના અધિકારીઓ પણ કર્મચારીઓ સાથે અભદ્ર ભાષામાં વર્તન કરે છે.

વહીવટદારના અભિયાનના બાળ મરણ પાછળ રાજકીય દબાણ કારણભૂત

દાહોદમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી કેમ બંધ કરાવાઈ?

(પ્રતિનિધિ), દાહોદ. તા.31

દાહોદ નગરપાલિકાના સત્તાધીશોની મુદત પૂરી થતાં નગર પાલિકામાં વહીવટદાર તરીકે દાહોદ પ્રાંત અધિકારી મુકાતા, પાલિકાના વહીવટની જવાબદારી તેઓના શિરે આવતા, ગેરકાયદેસર હંગામી દબાણો, ગંદકી જેવી પાયાની સમસ્યાઓના નિરાકરણ માટે દાહોદ પ્રાંત અધિકારીએ તાજેતરમાં પાલિકાના અધિકારીઓ, કર્મચારી ઓ તેમજ પોલીસને સાથે રાખી શહેરના ઠક્કર ફળિયા ખાતેથી એક અભિયાનનો આરંભ કર્યો હતો. અને તે વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાને જટિલ બનાવતા ગેરકાયદેસર હંગામી દબાણનો સફાયો બોલાવ્યો હતો. અને દુકાનની આગળ દુકાનદારો દ્વારા ઊભા કરવામાં આવેલા હંગામી દબાણો પણ દૂર કરી જગ્યા ખુલ્લી કરાવી હતી. તેમજ પોતાની દુકાનો આગળ ગંદકી ન થાય તે માટે વેપારીઓને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી હતી. આ અભિયાન દાહોદની થોડી ઘણી કાયાપલટ ચોક્કસપણે કરી દેશે તેમ શહેરીજનોને લાગ્યું હતું. પરંતુ આ વખતે આ અભિયાનનું એક જ દિવસ બાદ કોઈ ગ્રહણ લાગતા તેનું બાળમરણ થતાં દાહોદની કાયાપલટ ની દાહોદવાસીઓની આશાઓ ઠગારી નીવડી હતી. અને ગેરકાયદેસર હંગામી દબાણો ઊભા કરનારા તત્વોને રાહત મળતા તેઓ ગેલમાં આવી ગયા છે.

દાહોદ શહેરને સ્માર્ટ સિટી બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સ્માર્ટ સિટી દાહોદમાં ગેરકાયદેસર હંગામી દબાણો, ટ્રાફિક સમસ્યા તેમજ ગંદકી જેવી પાયાની પાયાની સમસ્યાઓ દિન- પ્રતિદિન વિકરાળ સ્વરૂપ ધારણ કરતી હોવાથી દાહોદ સાચા અર્થમાં સ્માર્ટ સિટી નથી બન્યું તેવી પ્રતીતિ થઈ રહી છે. શહેરમાં સ્માર્ટ સિટી મુજબ આંગળીના વેઢે ગણાય તેટલા રાજ માર્ગોને બાદ કરી બાકીના માર્ગો જોઈએ તેટલા પહોળા કરવામાં આવ્યા નથી.

રાધીયાપુરા ગામે SMCની રેડ કરીને રૂ. 43.46 લાખના વિદેશી દારૂ સાથે રૂ. 1.40 કરોડનો મુદામાલ જપ્ત

લીસ્ટેડ બુટલેગર મનોજ ઉર્ફે પાપડ સહિત 6 આરોપીના 7 દિવસના રિમાન્ડ મંજૂર

ફરાર લિકર કિંગ લાલુ સિંધી સાથે 10 આરોપીઓની શોધખોળ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે નંદેસરી જીઆઈડીસી નજીક રાધીયાપુરા ગામે વિદેશી દારૂના કટીંગ દરમિયાન રૂ. 43.46 લાખના વિદેશી દારૂ સાથે રૂપિયા 1.40 કરોડથી વધુનો મુદામાલ કબજે કર્યો હતો. જેમાં કુખ્યાત બુટલેગર સહિત 6 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે 10 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે એસએમસીએ વધુ પૂછપરછ માટે 6 આરોપીના 7 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. વડોદરા જિલ્લાના રાધીયાપુરા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલે દારૂના કટીંગ પર રેડ કરીને રૂપિયા 43.46 લાખના વિદેશી દારૂ સાથે 1.40 કરોડથી વધુનો મુદામાલ ઝડપી પાડ્યો હતો. જેમાં મનોજ ઉર્ફે પાપડ શંકર નરસીંગાણી, ધર્મેન્દ્ર ઉર્ફે લાલો સંપતસિંહ ચૌહાણ, જીતેન્દ્ર ઉર્ફે જીતુ સંપતસિંહ ચૌહાણ, વિક્રમસિંહ દિવાનસિંહ તથા કીર્તિકુમાર નાનાલાલ મીણા ઝડપાઈ ગયા હતાં.

જ્યારે લાલુ સિંધી સહિતના 10 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. એસએમસીની ટીમે વિદેશી દારૂ સહિતનો મુદામાલ નંદેસરી પોલીસને સોંપ્યો હતો. એસએમસીની ટીમ દ્વારા આ દારૂના કેસમાં આરોપીઓની વધુ પૂછપરછ તેમજ અન્ય આરોપીઓ ક્યાં છુપાયેલા છે તેની વધુ વિગતો મેળવવા માટે આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને 14 દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા 6 એપ્રિલ સુધીના, એટલે કે 7 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તમામ આરોપીઓનો ઈતિહાસ ખરડાયેલો છે કેટલાક સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા છે. આ કેસમાં સુનિલ મોતીલાલ ટેલર સામે 110થી વધુ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. આ રેડ દરમિયાન મુખ્ય આરોપી સુનિલ મોતીલાલ ટેલરને ઈજા પણ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું.

યુપી-બિહાર અંગે અપમાનજનક ટિપ્પણી

લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા યુવક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરા શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય શિવમસિંગ પુષ્પેન્દ્રસિંગ કુશવાહાએ ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન આપેલી ફરિયાદ મુજબ, તે પોતાના પરિવાર સાથે વિજયનગર પાર્ક-ઝૂંપડપટ્ટી પાસે રહે છે અને મજૂરી કામ કરે છે. ગઈકાલે તારીખ 30 માર્ચના રોજ રાત્રે આશરે સાડા નવ વાગ્યાના સમયે તે પોતાની સોસાયટીના મોહિત અને શિવા નામના છોકરાઓ સાથે બહાર ફરી રહ્યા હતા. આ દરમિયાન શંકર પાર્ક સોસાયટી નજીક પહોંચતા ત્યાં રહેતા અનિલ પુરોહિતે તેમને રોકી યુપી-બિહારના લોકોને અહીંથી ભગાડી દેવાની વાત કહી ગાળો બોલી ત્યાંથી ચાલ્યો ગયો હતો. આ બનાવ બાદ રાત્રે લગભગ 11 વાગ્યે શિવમસિંગ અનિલ પુરોહિતના ઘરે જઈ તેની સાથે વાતચીત કરવા ગયા હતા. ત્યાં અનિલ પુરોહિતે ફરી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ પોતાના ઘરમાંથી લાકડાનો ડંડો લઈને શિવમસિંગના માથાના ભાગે હુમલો કર્યો હતો. આ દરમિયાન શિવમસિંગની પત્ની એકતા કુશવાહાએ વચ્ચે પડી તેમને છોડાવ્યા હતા. પછી રાત્રે અનિલ પુરોહિત, તેના પિતા ગણેશભાઈ, તેનો ભાઈ અને એક અન્ય અજાણ્યો ઈસમ મળીને તેમના ઘરે આવી ગાળો આપી લાકડાના પાટા વડે હુમલો કરતા શિવમસિંગના માથા તથા જમણા હાથની આંગળીઓમાં ઈજા પહોંચી હતી. ઘટના દરમિયાન પોલીસની ગાડી પહોંચતા ચારેય આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત શિવમસિંગ હાલ ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મહાવીર જયંતીની ધામધૂમથી ઉજવણી

■ જૈનોના 24માં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના 2624માં જન્મ કલ્યાણક મહોત્સવની આજે વડોદરા શહેરમાં અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વડોદરાના રાજમાર્ગો પર ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજી ભગવંતો અને જૈન શ્રાવકો જોડાયા હતા. શ્રી સમસ્ત વડોદરા જૈન સંઘ દ્વારા પરંપરાગત રીતે નજરબાગથી વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

મધ્ય-પૂર્વનો જંગ લગ્નસરાની સીઝન વચ્ચે ટૂરિઝમ સેક્ટર ચિંતામાં, જ્યારે સ્થાનિક ખાણીપીણી બજારમાં ગેસ સપ્લાય સુચારૂ

વડોદરાની પ્રીમિયમ હોટલોમાં સન્નાટો, કરોડોનો ફટકો

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

મધ્ય પૂર્વમાં ભભૂકેલી ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેની યુદ્ધની જ્વાળાઓની અસર વડોદરાના હોસ્પિટાલિટી સેક્ટર પર બે અલગ-અલગ સ્તરે જોવા મળી રહી છે. એકતરફ શહેરની જાણીતી થ્રી-સ્ટાર, ફોર-સ્ટાર અને ફાઈવ-સ્ટાર હોટલોને વિદેશી મહેમાનોના અભાવે મોટો આર્થિક ફટકો પડ્યો છે, તો બીજી તરફ સ્થાનિક રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં ગેસનો પુરવઠો પૂરતો હોવાથી હાલ પૂરતી રાહત જોવા મળી રહી છે. લગ્નસરાની પીક સીઝન હોવા છતાં, યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી અશાંતિને પગલે વડોદરાના પ્રીમિયમ હોટલ સેક્ટરમાં કેન્સલેશનનો દોર શરૂ થયો છે. NRI પરિવારો અને વિદેશી પર્યટકોએ મુસાફરી કરવાનું ટાળ્યું છે. વડોદરાના ઔદ્યોગિક એકમોમાં આવતા વિદેશી પ્રતિનિધિઓ અને કોર્પોરેટ ડેલિગેટ્સના બુકિંગ મોટા પાયે રદ થતા ફાઈવ-સ્ટાર હોટલોના ઓક્યુપન્સી રેટમાં 40 થી 50 ટકાનો ગાબડો પડ્યો છે. લોકો અત્યારે વિદેશ પ્રવાસ કે લાંબા અંતરની મુસાફરી કરવાને બદલે ઘરમાં સુરક્ષિત રહેવાનું પસંદ કરી રહ્યા છે.

યુદ્ધે ગણિત બગાડી નાખ્યું

"લગ્નસરાની સીઝનમાં અમને મોટી આશા હતી, પરંતુ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધે ગણિત બગાડી નાખ્યું છે. ખાસ કરીને વિદેશી મહેમાનો અને NRI બુકિંગ મોટા પ્રમાણમાં કેન્સલ થયા છે. પ્રીમિયમ હોટલ ઉદ્યોગ માટે આ મોટો ફટકો છે."
હેમલ મહેતા, હોટલ એસો. પ્રમુખ

અસુરક્ષાના ભયે પર્યટન ઉદ્યોગની કમર તોડી નાખી

"કોર્પોરેટ સેક્ટરના ગેસ્ટ્સ અત્યારે મુસાફરી કરવાનું જોખમ લેતા નથી, જેના કારણે અમારી હોટલના રૂમ ખાલી પડ્યા છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સના ધાંધિયા અને અસુરક્ષાના ભયે પર્યટન ઉદ્યોગની કમર તોડી નાખી છે."**પરશુભાઈ,**હોટલ પીએમ રેજન્સીના માલિક

ગેસ પુરવઠો ખોરવાયો નથી, એટલે અમારે સર્વિસમાં કોઈ કાપ મૂકવો પડ્યો નથી

"જોકે લક્ઝરી હોટલોમાં બુકિંગની સમસ્યા છે, પણ સ્થાનિક રેસ્ટોરન્ટ્સ માટે રાહત એ છે કે અમને ગેસનો પુરવઠો સમયસર અને પૂરતા પ્રમાણમાં મળી રહ્યો છે. ગેસ સપ્લાયમાં હાલ કોઈ અછત ન હોવાથી અમે મેનુ અને ઓપરેશન ચાલુ રાખી શક્યા છીએ." "યુદ્ધની માનસિક અસર ગ્રાહકો પર પડી છે, છતાં સ્થાનિક ફૂટફોલ જળવાયેલો છે. સદનસીબે ગેસ પુરવઠો ખોરવાયો નથી, એટલે અમારે સર્વિસમાં કોઈ કાપ મૂકવો પડ્યો નથી. જો આ સ્થિતિ જળવાય રહેશે તો રેસ્ટોરન્ટ ઉદ્યોગ ટકી જશે." **મયંકભાઈ બ્રહ્મભટ્ટ,** હોટલ કાઠીયાવાડી ના માલિક

જ્યાં મોટી હોટલો આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના અભાવે ઝઝૂમી રહી છે, ત્યાં શહેરની મધ્યમ અને નાની રેસ્ટોરન્ટ્સ માટે એક સારા સમાચાર છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવમાં અનિશ્ચિતતા હોવા છતાં, સ્થાનિક સ્તરે વડોદરામાં રેસ્ટોરન્ટ્સને મળતો કોમર્શિયલ ગેસનો પુરવઠો હજુ સુધી ખોરવાયો નથી. રેસ્ટોરન્ટ માલિકોના જણાવ્યા અનુસાર, તેમને પૂરતો ગેસ મળી રહેતો હોવાથી હાલ રસોડામાં કોઈ પ્રકારની તકલીફ ઊભી થઈ નથી અને તેઓ રાબેતા મુજબ ગ્રાહકોને સેવા આપી રહ્યા છે.

લક્ષ્મીપુરામાં માથાભારે શખ્સનો પોલીસે વરઘોડો કાઢ્યો

લક્ષ્મીપુરા વિસ્તારમાં હવે પોલીસ-કાયદાનું શાસન ચાલશે : પીઆઈ ગાયત્રી રાજપૂત

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરા શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં લાંબા સમયથી દાદાગીરી ચલાવતા એક માથાભારે શખ્સ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. લક્ષ્મીપુરા પોલીસ મથકના પીઆઈ ગાયત્રી રાજપૂતના માર્ગદર્શન હેઠળ આ શખ્સનો જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો, જેના કારણે વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો હતો. માહિતી મુજબ, માથા ભારે આરોપી યસ ઉર્ફે લસ્સી સંતોષ વસાવા ની દાદાગીરી એટલી હદે વધી ગઈ હતી કે સ્થાનિક રહીશો ભયભીત બની ગયા હતા અને રોજિંદા જીવનમાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા. પોલીસ સુધી અનેક રજૂઆતો પહોંચતા આખરે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા યસ ઉર્ફે લસીનો વરઘોડો કાઢી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો કડક સંદેશ આપ્યો હતો. વરઘોડા દરમિયાન સ્થાનિક લોકોએ પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરી આ ઈસમની ખુમારી ઉતારી નાખી હતી.પોલીસની આ કાર્યવાહીથી વિસ્તારમાંથી ભયનું વાતાવરણ દૂર થવા લાગ્યું છે અને રહીશોમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ ગાયત્રી રાજપૂતે માથાભારે તત્વોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે મીડિયાના માધ્યમથી આવારા માથાભારે તત્વોને એક જ મેસેજ આપવા માંગું છું, લક્ષ્મીપુરા વિસ્તાર છોડી દેજો તમારી ગુંડાગર્દી નહીં ચાલે હવે અહીંયા ચાલશે કાયદાનું અને પોલીસનું શાસન.